સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી "

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૮૭૫ | તારીખ:૩૧ ઓકટોબરના રોજ મોસાળના ગામ નડીયાદ જિ: ખેડા, ગુજરાત માં જન્મ,કરમસદ ગામ તા: આણંદ જિ:ખેડા ના વતની, લેઉવા પાટીદારખેડૂત, ઝવેરભાઈ પટેલ અને માતા લાડબાઈના ચોથા પુત્ર, બાળપણ કરમસદમાં વીત્યું,પ્રાથમિક તેમજ અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનું શિક્ષણ ગામની જ શાળામાં લીધું. |
| ૧૮૯૧ | અંગ્રેજી ચોથા અને પાંચમાં ધોરણનો અભ્યાસ,કરમસદથી દશેક માઈલ દૂર આવેલા, પેટલાદમાં કર્યો.પેટલાદમાં એકઓરડી ભાડે રાખી, તેમના જેવા ચાર-પાંચ વિદ્યાર્થીઓ સાથે રહેતા.ભોજન જાતે જ પકાવી લેતા. અઠવાડીયાની સીધા-સામગ્રી, શનિવારે યા રવિવારે ઘેર જાય ત્યારે કરમસદથી લેતા આવતા.પેટલાદથી કરમસદ અને કરમસદ થી પેટલાદ ચાલીને જતા-આવતા. |
| ૧૮૯૩ | અઢાર વર્ષની વયે, કરમસદથી ચારેક માઈલ દૂર આવેલા,ગાન ગામની કન્યા ઝવેરબા સાથે લગ્ન થયું. |
| ૧૮૯૭ | અંગ્રેજી છઠા ધોરણથી જેમાં જોડાયા હતા તે નડિયાદની સરકારી અંગ્રેજી શાળામાંથી બાવીસ વર્ષની વયે મેટ્રીક પાસ કરી. |
| ૧૯૦૦ | નડીયાદમાં રહી,ઘેર અભ્યાસ કરી, જિલ્લા વકીલની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.પંચમહાલ જિલ્લાના વડા મથક ગોધરામાં વકીલાત શરૂ કરી. |
| ૧૯૦૨ | ગોધરા છોડી બોરસદમાં વકીલાતનો વ્યવસાય કરવા માંડયો.ફોજદારી વકીલ તરીકે ઘણી સફળતા અને પ્રસિધ્ધ મળી. |
| ૧૯૦૩ | એપ્રિલ માસમાં પુત્રી મણિબહેનનો ગાના ગામે જન્મ થયો. |
| ૧૯૦૫ | વકીલાતના વ્યવસાયમાં સારા પૈસા કમાયા.ઈંગ્લેન્ડ જઈ બેરિસ્ટરની ઉપાધિ મેળવવા વિચાર્યુ, પરંતુ મોટાભાઈ વિઠલભાઈની બેરિસ્ટર થવા માટેની તીવ્ર ઈચ્છા જોઈ પ્રથમ તેમને ઈંગ્લેન્ડ જવા દીધા.મોટાભાઈની ગેરહાજરીમાં તેમના કુટુંબની જવાબદારી પોતે ઉપાડી લીધી.નવેમ્બર માસમાં પુત્ર ડાહયાભાઈનો જન્મ થયો. |
| ૧૯૦૯ | પત્નિ ઝવેરબા ગંભીર માંદગીમાં પટકાઈ પડયાં, મુંબઈમાં વસેલા મોટાભાઈ વિઠલભાઈના આગહથી માંદા પત્નિને યોગ્ય સારવાર માટે મુંબઈ મૂકી આવ્યા.પત્નિનું તા.૧૧ જાન્યુઆરીના રોજ મુંબઈમાં મૃત્યુ થયું.તેનો તાર તેમને બોરસદની અદાલતમાં,જયારે તેઓ તેમના અસીલનો ખૂના આરોપ સામે બચાવ કરી રહ્યા હતા ત્યારે મળ્યો.તાર વાંચ્યાપછી પણ તેમણે તેમના અસીલનો ધૈર્યપૂર્વક બચાવ કરવાનું કર્તવ્ય અદા કર્યુ. યુવાન વય, સધ્ધર આર્થિક સ્થિતિ, મિત્રો અને સંબંધીજનોનો અતિ આગ્રહ,છતાં ફરીથી લગ્ન કરવાની ના પાડી દીધી.જીવનભર વિધુર રહ્યા. |
| ૧૯૧૦ | બેરિસ્ટર થવા માટે ઈંગ્લેન્ડ ગયા.મિડલ ટેમ્પલ નામની સુપ્રસિધ્ધ કાનૂની કોલેજમાં દાખલ થયા.અતિ કરકસરથી રહેવા માંડયું અને ગંભીરતાપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. |
| ૧૯૧૧ | પગમાં થયેલા વાળાના રોગ અંગે ઈંગ્લેન્ડના એક નર્સિંગ હોમમાં ઓપરેશન કરાવ્યું. આ ઓપરેશન કલોરોફોર્મ લીધા વિના, એક ઊંહકારો ભર્યા વિના કરાવેલું. |
| ૧૯૧૨ | બેરિસ્ટરની ઉપાધિ માટેની અંતિમ પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ થયા અને પચાસ પાઉન્ડનું ઈનામ મેળવ્યું. બેરિસ્ટરની ઉપાધિ મેળવ્યાને બીજે જ દિવસે સ્ટીમર મારફતે ભારત જવા પ્રયાણ કર્યું. |
| ૧૯૧૩ | તા.૧૩ મી ફબ્રુઆરીના રોજ મુંબઈ ઊતર્યા.સરકારે તેમની સામે મુંબઈની સરકારી કાનૂન શાળામાં વ્યાખ્યાતાની નોકરી સ્વીકારવા માટે પસ્તાવ મૂકયો. તેનો અસ્વીકાર કરી અમદાવાદ આવ્યા અને ફોજદારી વકીલ તરીકે કાર્ય ફરીથી શરૂ કર્યુ |
| ૧૯૧૪ | પિતા ઝવેરભાઈનું પંચાસી વર્ષની વયે કરમસદમાં અવસાન થયું. |
| ૧૯૧૫ | અમદાવાદની જાણીતી સંસ્થા ગુજરાત સભાના સભ્ય થયા અને જાહેર જીવનનો આરંભ કર્યો.(આ ગુજરાત સભા યા 'કલબ ' ૧૯૧૯ માં ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિમાં ફેરવાઈ ગઈ હતી.) |
| ૧૯૧૬ | ગાંધીજી સાથે પ્રથમવાર સંપર્કમાં આવ્યા.ગાંધીજી અને કોંગ્રેસ પક્ષની લોકહિત તેમજ દેશ સ્વાતંત્રય માટેની પ્રવૃતિઓ તરફ આકર્ષાયા.ગુજરાત સભાના પ્રતિનિધિ તરીકે લખનૌમાં મળેલ કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપી. |

## " સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી " (ચાલુ)--૨--

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૯૧૭ | અમદાવાદ મ્યુનિસિપાલીટીમાં પ્રથમવાર સભ્ય તરીકે ચૂંટાયા.ચૂંટણી સામે પડકાર ફેંકાયો અને ચૂંટણી રદ થઈ.પેટા ચૂંટણી માં ઊભા રહયા અને બિન હરીફ ચૂંટાયા.આરોગ્ય સમિતિના અધ્યક્ષપદે વરણી થઈ.શહેરમાં ફલાયેલા પ્લેગના ઉપદ્રવના નિયંત્રણ નિવારણની કામગીરીમાં સક્રિય ફાળો આપ્યો.અમદાવાદ મયુનિસિપાલીટીનો કમિશનર તરીકે એક અંગ્રેજ આઈ.સી.એસ. અધિકારીની થયેલ નિમણૂંક વિરૂધ્ધ આંદોલન શરૂ કર્યુ અને અંતે એ નિમણૂંક રદ કરાવી. ગોધરામાં મળેલ પ્રથમ ગુજરાત પ્રાંતિક સભાના પ્રમુખ મહાત્મા ગાંધીએ નિમેલી કારોબારી સમિતિમાં તેમને મંત્રીપદ સોંપાયું.બિહારના ચંપારણ જિલ્લાના ગળીની મોટા પાયા પર ખેતી કરાવતાં, અંગ્રેજ જમીનદારો વિરૂધ્ધના ગાંધીજીના સત્યાગ્રહની તેમ જ ખેડુતોને તેમણે પૂરી પાડેલી નેતાગીરીની તેમના પર ઊંડી અસર થઈ અને ગાંધીજીના એક વેળાના ટીકાકાર તેમના વફાદાર અનુયાયી બની ગયા.સરકારી વેઠના ત્રાસ સામે લડત ઉપાડી. |
| ૧૯૧૮ | અમદાવાદ જિલ્લામાં પડેલ દુકાળ અંગે રાહતકામોની વ્યવસ્થા કરી. અમદાવાદ મિલ માલિકો અને મજૂરો વચ્ચે જાગેલા ઝઘડા દરમિયાન, ગાંધીજી અને શંકરલાલ બેનકરની સામે, મજૂરોના પ્રતિનિધિ તરીકે લવાદ પંચ સમક્ષ મજૂરોનો કેસ રજુ કર્યો.અમદાવાદમાં ફાટી નિકળેલા ઈન્ફ્લ્યુએન્ઝાના રોગચાળાનો પ્રતિકાર કરવા માટે મ્યુનિસિપાલીટી પાસેથી ગુજરાત સભાને સહાય અપાવી, તેને ઉપક્રમે એક કામચલાઉ હોસ્પિટલ ઊભી કરી.ગાંધીજીની સાથે રહી,,ખેડા જિલ્લાના અછત-ગ્રસ્ત પરિસ્થિતિમાં સરકાર ધ્વારા ખેડુતો પાસેથી બળજબરીથી વસુલ કરાવતા જમીન મહેસુલની વિરૂધ્ધમાં ' નાકર ' ની લડતનું સફળ સંચાલન કર્યુ. |
| ૧૯૧૯ | અમદાવાદ મ્યુનિસિપાલીટીની મેનેજિંગ કમિટિના અધ્યક્ષ બન્યા.સ્વરાજય માટેના આંદોલનને કચડી નાખવાના આશયથી સરકારે લાદેલા રોલેટ-બીલની વિરૂધ્ધમાં લડત ઉપાડી. તા.૬ઠી એપ્રિલના રોજ અમદાવાદમાં પ્રચંડ સભા-સરઘસનું આયો-જન કર્યું.સભામાં બીલ વિરોધી ઉગ્ર પ્રવચન કર્યુ.ગાંધીજીનાં પ્રતિબંધીત પુસ્તકો ' હિંદ સ્વરાજ 'અને ' સર્વોદય ' નું ખુલ્લે-આમ વેચાણ કર્યુ.સરકારીની પરવાનગી લીધા વિના ૭ મી એપ્રિલે ગુજરાતીમાં સત્યાગ્રહ પત્રિકાનું પ્રકાશન આરંભ્યું. સરકાર આ અંગે કશાં પગલા ભરી શકી નહિ.ગાંધીજીની ગિરફતારી પછી અમદાવાદમાં મોટા પાયા પર ફાટી નીકળેલાં તોફાનોને દબાવી દેવા માટે સરકારે લશ્કરી કાયદો અમલમાં મૂકયો ત્યારે શાંતિ અને વ્યવસ્થા સ્થાપવા માટે સ્થાનિક સતા-વાળાઓને સહાય અને સહકાર આપ્યાં. |
| ૧૯૨૦ | અમદાવાદ મ્યુનિસિપાલિટીની ચૂંટણી દરમિયાન કોગસ પક્ષ માટે ચૂંટણી સંચાલનની કામગીરી સંભાળી.ચૂંટણી માટે ખુલ્લી લગભગ તમામ બેઠકો કોંગ્રેસ પક્ષે કબજે કરી.આ અરસામાં પ્રાશ્ચાતય વસ્ત્રોનો ત્યાગ કર્યો અને ખાદીની ધોતી,ઝભ્ભો અને ચંપલ પહેરવાનું શરૂ કર્યુ.ગુજરાતના રાજકીય કાર્યકર્તાઓની અમાદાવાદમાં એક સભા ભરી અને તેમાં ગાંધીજીએ આરંભે-લ સવિનય કાનૂનભંગના આંદોલનને ટેકો આપતો ઠરાવ પસાર કરાવ્યો.નાગપુરના કોંગ્રેસ અધિવેશન દરમિયાન ગાંધીજી-એ તિલક સ્વરાજ ફંડ માટે હાકલ કરેલી, તેના જવાબમાં ત્રણ માસમાં જ ગુજરાતમાંથી રૂપિયા દશ લાખનું ભંડોળ એકઠું કર્યુ તેમજ કોંગ્રેસના ત્રણ લાખ સભ્યો બન્યા.ગાંધીજીનો સાથે મળી, રાષ્ટ્રીય કેળવણી આપતી ગુજરાત વિદ્યાપીઠની સ્થા-પના કરવાનો નિર્ણય કર્યો. |
| ૧૯૨૧ | ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રથમ અધ્યક્ષ ચૂંટાયા. અમદાવાદમાં ડિસેમ્બર માસમાં મળેલ ૩૬ માં કોંગ્રેસ અધિવેશનની સ્વાગત સમિતિના અધ્યક્ષપદે વરણી થઈ.અધિવેશનને સંપૂર્ણરૂપમાં સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી અને બહુ-વિધ કામગીરી બજાવી. અધિવેશનને સ્થળે,સાબરમતી નદીને કિનારે, ૨૧ એકરના વિસ્તારમાં, હોસ્પીટલ અને પ્રસૂતિગૃહ ની સ્થાપના કરી. |
| ૧૯૨૨ | કોંગ્રેસ પક્ષના ' અસહકાર " ના ઠરાવના ઉપલક્ષ્માં મ્યુનિસિપાલિટીની શાળાઓના નિરીક્ષણના પ્રશ્નો અંગે સરકાર સાથે સંઘષ જાગતાં સરકારે અમદાવાદ મ્યુનિસિપાલિટીને 'સસ્પેન્ડ' કરી.વલ્લભભાઈએ લોકફાળો એકઠો કરી,લોક પ્રાથમિક શિક્ષણસમિતિની સ્થાપના કરી તેના ઉપક્રમે શાળાઓ શરૂ કરી. |

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## *" સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી "* (ચાલુ)--૩--

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૯૨૨ | ગાંધીજી પ્રેરિત ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના માટે છેક રંગૂન(બર્મા) જઈ આવી રૂપિયા દશ લાખનું ફંડ ભેગું કર્યું. |
| ૧૯૨૩ | અંગ્રેજ સરકારે દેશનાં નગરોની પડોશમાં આવેલા 'કન્ટોનમેન્ટ ' વિસ્તારોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રતિબંધ મૂકેલો, તેની વિરૂધ્ધમાં સત્યાગ્રહ કરવા માટે કોંગ્રેસપક્ષ તરફથી તેમની પસંદગી થઈ.પરિણામે સપ્ટેમ્બર માસમાં નાગપુરમાં સફળ ઝંડા સત્યાગ્રહ કર્યો.મુંબઈ સરકારે બોરસદ તાલુકાના લોકો પર, સરારી ગુનેગારોને આશ્રય આપવાના આરોપસર નાખેલા અન્યાયી 'હૈડિયાવેરા' વિરૂધ્ધ ડિસેમ્બરમાં સત્યાગ્રહ કર્યો. સરકારે વેરો રદ કર્યો. વલ્લભભાઈને 'બોરસદના સુબા' નું બિરૂદ મળ્યું. |
| ૧૯૨૪ | પુર્નજીવિત કરવામાં આવેલી અમદાવાદ મ્યુનિસિપાલિટીની નવેસરથી થયેલી ચૂંટણીમાં વલ્લભભાઈના નેતૃત્વ નીચેના કોંગ્રેસપક્ષને નિર્ણાયક બહુમતિ મળી.મ્યુનિસિપાલિટીના પ્રમુખ ચૂંટાયા. પ્રમુખપદનાં ત્રણ વર્ષ દરમિયાન લોકહિતના અનેક કાર્ય કર્યા.દા.ત. 'કેન્ટોન્મેન્ટ' વિસ્તારનો છેલ્લાં પાંચેક વર્ષથી બાકી રહેલો પાણીવેરો કડકાઈપૂર્વક વસૂલ કર્યો,મ્યુનિસિપા-લિટીના કર્મચારીઓ માટે ખાદીનો ગણવેશ દાખલ કર્યો. તેનું કામકાજ ગુજરાતીમાં શરૂ કરાવ્યું, શુધ્ધ પાણી માટેની યોજના મંજૂર કરાવી,ગટરની ચાલુ યોજનાને પૂર્ણ કરાવી, ઉચ્ચ અધિકારીઓ-ધનિકો-મ્યુનિસિપાલીટીના સભ્યો વગેરેના કેટલાય સમયથી બાકી રહેલા તમામ કરવેરા વસુલ કર્યા. |
| ૧૯૨૭ | અભૂતપૂર્વ વરસાદે ગુજરાતભરમાં ભયાનક રેલસંકટ સરજયું.પાણી રોકતા ગરનાળા,પાળા વગેરે તોડી નંખાવી અમદાવાદને પુરના ભયમાંથી ઉગાર્યુ.લોકફાળો ભેગો કરી, પુરપીડીત લોકો માટે રાહતનાં અનેક પગલાં ભર્યા.અનાજ અને ઘાસચારો વધુ પેદા કરોનું આંદોલન ઉપાડયું.અનાજના વાવેતર માટે ખેડૂતોને સસ્તાભાવે ઉચ્ચ પ્રકારનું તમામ જાતનું બિયારણ મળી રહે તે માટે દુકાનો શરૂ કરાવી.રેલરાહતનાં કાર્યો માટે સરકાર પાસેથી એક કરોડ રૂપિયા મેળવ્યા. |
| ૧૯૨૮ | ચીફ ઓફીસર શ્રી ભગતની નિમણુંકના પ્રશ્ન અંગે, વિરોધરૂપે,અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ખેડૂતો પર સરકારે લાદેલા વધુ પડતા મહેસુલ વધારા સામે સત્યાગ્રહ શરૂ કર્યો.ફેબ્રુઆ-રીથી માંડી ઓકટોબર સુધી ચાલુ રહ્યો.મુંબઈ સરકારેમહેસુલ વસુલ કરવા માટે ખેડૂતોનાં પશુ,પાક જપ્ત કર્યા,જમીનો જપ્ત કરી, તેમ છતાં વલ્લભભઈની સરદારી નીચે લડતા ખેડૂતોએ નમતું ન જોખ્યું.છેવટે સરકારે જપ્ત કરેલી,વેચી નહિ દીધેલી જમીનો ખડુતોને પાછી સોંપી દેવાનું, કેદ કરેલા ખેડુતોને મુકત કરવાનું, ગ્રામ-અધિકારીઓને તેમનાં પદ પર પુનઃ સ્થાપિત કરવાનું અને મહેસુલ ઘટાડવાનું કબૂલ કર્યુ.સરકારને હંફાવનાર ખેડૂત નેતા વલ્લભભાઈને આ સફળ સત્યાગ્રહ દરમિયાન ' સરદાર ' નું ગૌરવવંતુ બિરુદ મળ્યું. સુરતમાં મળેલ પ્રથમ સ્થાનિક સ્વરાજ પરિષદનું પ્રમુખપદ શોભાવ્યું. ડીસેમ્બર માસમાં કલકતામાં મળેલ કોંગ્રેસ અધિવેશનમાં સ્વાતંત્ર્ય લડતના સરદાર તરીકે બહુમાન થયું. |
| ૧૯૨૯ | પુનામાં મળેલ મહારાષ્ટ્ર રાજકીય પરિષદના પ્રમુખપદે વરણી થઈ.સરકારે વધારેલ જમીન મહેસુલ અને અસ્પૃશ્યતા વિરૂધ્ધ લોકમત જાગૃત કરવા માટે મહારાષ્ટ્રનો પ્રવાસ કર્યો.મોરબીમાં મળેલ કાઠીયાવાડ રાજકીય પરિષદનું પ્રમુખસ્થાન સંભાળ્વું. વેદારનિયમમાં મળેલ તામિલનાડુ રાજકીય પરિષદનું પ્રમુખપદ શોભાવ્યું.લોકજાગૃતિ અર્થે મદ્રાસ ઉપરાંત કર્ણાકટ અને બિહારનો પ્રવાસ કર્યો. |
| ૧૯૩૦ | સરકારના મીઠાના કાયદાનો ભંગ કરવામાટે ગાંધીજીએ દાંડીકૂચનો કાર્યક્રમ જાહેર કર્યો.તેની પૂર્વે આ કૂચના માર્ગમાં આવ-તાં ગામડામાં લોકજાગૃતિ અર્થે સરદારે ખેડા જિલ્લાના બોરસદ તાલુકાનાં ગામડામાં પ્રવાસ-વ્યાખ્યાન શરૂ કરી દીધાં. તાઃ૭ મી માર્ચે રાસ ગામમાં સરકાર વિરોધી જાહેર સભા ભરવા માટે સરકારે તેમની ધરપકડ કરી અને ચારેક માસની કેદ તથા પાંચસો દંડ અથવા વધુ ત્રણ અઠવાડીયાની કેદની સજા ફટકારી.સરદારે દંડ ન ભરતાં કેદ સ્વીકારી.અમદાવાદની સાબરમતી જેલમાં બંદી બન્યા.પોતાને મળતાં વર્ગના ભોજનની વિરૂધ્ધ વર્ગનું ભોજન મેળવવા માટે જેલમાં ભૂખ હડતાળ શરૂ કરી.તાઃ ૨૬મી જૂને જેલમાંથી છૂટા કરવામાં આવ્યાં. |

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ**

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## *" સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી "* (ચાલુ)--૪--

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૯૩૦ | જેલમાં ગયેલ જવાહરલાલની ગેર હાજરીમાં કોંગ્રેસ પક્ષનું પ્રમુખપદ સંભાળતા મોતીલાલ નહેરૂની ધરપકડ થતાં તા.૩૦મી જૂનના રોજ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ બન્યા. તા.૧લી ઓગસ્ટના રોજ મુંબઈમાં સરકાર વિરોધી એકસરઘસની આગેવાની આગેવાની કરતાં ગિરફતાર થાય અને ત્રણ માસની જેલની સજા મળી. પુના નજીકની યેરવડા જેલમાં રખાયા. જેલમાંથી છુટતા જ ખાદી ભંડાર નજીક સરકારની નીતિનો વિરોધ કરતું વ્યાખ્યાન કર્યું. ફરીથી ધરપકડ થઈ અને ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં નવ માસની કેદની સજા મળી. |
| ૧૯૩૧ | ગાંધી-ઈરવીન કરાર થતાં, માર્ચ માસમાં જેલમાંથી મુકિત મળી. માર્ચના છેલ્લા અઠવાડિયામાં સિંધ પ્રાંતના કરાંચી ખાતે મળેલ કોંગ્રેસના ૪૬ માં અધિવેશનમાં પ્રમુખસ્થાને વરાયા. |
| ૧૯૩૨ | સરકાર વિરોધી આંદોલનોમાં નેતાગીરી લેવા માટે તા.૪ થી જાન્યુઆરીના રોજ ધરપકડ થઈ.યેરવડા જેલમાં, ગાંધીની સાથે સોળ માસ માટે નજરકેદમાં પુરાયા.કરમસદ મુકામે નવેમ્બર માસમાં માતા લાડબાઈનું મૃત્યું થયું. |
| ૧૯૩૩ | તા.૧લી ઓગસ્ટે નાસિક જેલમાં બદલી થઈ. વડીબંધુ વિઠલભાઈ પટેલનું તા.૨૨ મી ઓકટોબરે સ્વિટઝરલેન્ડમાં અવસાન થયું.તેમના મૃતદેહને મુંબઈ લાવવામાં આવ્યો.તેમના અંતિમ સંસ્કાર માટે સરકારે સરદારને કેટલીક શરતોને આધીન રહી બે દિવસ માટે પેરોલ પર છોડવાનું સ્વીકાર્યુ. પરંતુ એવી શરતોને અમાન્ય કરી જેલમાં જ રહયા. |
| ૧૯૩૪ | નાકની ગંભીર તકલીફને લઈ ૧૪ મી જાન્યુઆરીના રોજ જેલમાંથી મુકત કરવામાં આવ્યા.કેન્દ્રીય વિધાનસભાની ચૂંટણી-ઓમાં કોંગ્રેસ પક્ષે ભાગ લેવાનું નકકી કરતાં.કોંગ્રેસી ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરવા માટે દેશના ઘણા ભાગોમાં ફર્યા. બિહારના પટણા મુકામે કોંગ્રેસ સંસદીય મંડળના અધ્યક્ષ તરીકે વરણી થઈ. |
| ૧૯૩૫ | બોરસદ તાલુકામાં સતત ચાર ઉનાળાથી લોકોને પીડી રહેલ પ્લેગના ઉપદ્રવનો સામનો કરવા માટે માર્ચ-એપ્રીલ માસ દરમિ-યાન દવાઓ, દવાખાનાં સારવાર કેન્દ્રો અને રાહત કાર્યોની વ્યવસ્થા કરી. મુંબઈમાં પોતે કમળાથી પીડાતા હોવા છતાં કવેટા-ધરતીકંપનો ભોગ બનેલા લોકોને મદદ પહોંચાડવા માટે ફાળો એકઠો કર્યો.ભરૂચમાં મળેલ ત્રીજી સ્થાનિક સ્વરાજ પરિ-ષદના પ્રમુખપદે વરણી થઈ. |
| ૧૯૩૬ | હરિજન ફંડ માટે ફેબ્રુઆરી માસ દરમિયાન બે જ દિવસમાં લગભગ પચાસ હજારનો ફાળો ભેગો કર્યો.હિંદી સરકારના ૧૯૩૫ના ધારા નીચે થનારી પ્રાંતીય ચૂંટણીઓ માટેના કોંગ્રેસી ઉમેદવારોની પસંદગી કરનારી કોંગ્રેસ સંસદીય પક્ષની પેટા સમિતિના અધ્યક્ષ નિમાયા.પ્રાંતોમાં કોંગ્રેસી પ્રધાનમંડળ રચાયા પછી તેમને દોરવણી આપી. |
| ૧૯૩૭ | મુંબઈ ઈલાકાના પંતપ્રધાનનની પસંદગીના પ્રશ્ને મુંબઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ કે.એફ.નરિમાન સાથે મતભેદ અને સંઘર્ષ સર્જાયો.સરકારી નરિમાનને બદલે બાલાસાહેબ ખેરને પંતપ્રધાન પદે બેસાડયા. |
| ૧૯૩૮ | મધ્ય પ્રાંતના પંતપ્રધાન ડો.એન.બી.ખેર સાથે બંધારણીય પ્રશ્નપર જુલાઈ માસ દરમિયાન સંઘર્ષ થયો.સરદારે ખેરને પંત-પ્રધાનપદેથી તેમજ કોંગ્રેસપક્ષમાંથી રાજીનામં આપવાની ફરજ પડી.કેન્દ્રીય કોંગ્રેસપક્ષની શિસ્તનું પાલન કરવાની પ્રાંતીય કોંગ્રેસ નેતાગીરીને કડક પગલાં ધ્વારા ફરજ પાડવાની તેમજ નીતિ રીતિને લઈ 'હિંદના તાનાશાહ' તરીકે નામચીન થયા. કાઠીયાવાડ રાજકીય પરિષદનું પ્રમુખપદ સંભાળ્યું. સુરત જિલ્લાના બારડોલી તાલુકાના હરિપુરા ગામમાં મળેલ કોંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં સ્વાગત પ્રમુખ તરીકે વરણી થઈ,ગ્રામ વિસ્તારમાં મળેલ મોટા અધિવેશનને પૂર્ણ સફળતા અપાવવામાં ઘણો ફાળો આપ્યો.ડિસેમ્બરમાં રાજકોટ જઈ ત્યાંના ઠાકોર સાહેબ સાથે મંત્રણા કરી અને રાજકીય કેદીઓને મુકત કરવા અંગેના કરારનામા પર તેમની પાસે સહી કરાવી. |
| ૧૯૩૯ | કોંગ્રેસ પક્ષની વરિષ્ઠ નેતાગીરીના આદેશથી વિરૂધ્ધ વર્તી સુભાષચંદ્ર બોઝ હરિપુરા કોંગ્રેસ અધિવેશનના પ્રમુખપદ માટે ઉમેદવાર તરીકે ઊભા રહયા હતા અને ચૂંટાયા હતા.આવા શિસ્તભંગ માટે સરદારે તેમની સામે મોરચો માંડયો. |

## " સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી " (ચાલુ)--૫--

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૯૩૯ | ફેબ્રુઆરીમાં ત્રિપુરી મુકામેમળેલ કોંગ્રેસ પક્ષની બેઠકમાં બોઝે રજૂ કરેલ સામુદાયિક નાગરિક આજ્ઞાભંગનો ઠરાવ,સરદાર ના પ્રયાસોથી નામંજૂર થયો.બોઝે કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું.ઓગસ્ટમાં કોંગ્રેસ કારોબારીએ વલ્લભભાઈ સહિત ત્રણ સભ્યોની એક યુધ્ધ પેટા સમિતિ નીમી.તેણે પ્રાંતીય કોંગ્રેસ સંગઠનોને કશાં ઉતાવળીયાં પગલા ભરી રાજકીય કટોકટી સર્જવા વિરુધ્ધ ચેતવણી આપી. |
| ૧૯૪૦ | જાહેર સભાઓમાં વ્યાખ્યાનો ધ્વારા લોકોને સ્વરાજ માટે બરાબર સભાન કરવાની પ્રવૃતિ ચાલુ રાખી. અંગ્રેજ સરકાર પાસેથી ભારતના સ્વાતંત્ર્ય માટેની ચોકકસ બાંહેધરી મેળવવા માટે ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો.તેમાં આગેવાની ભર્યો ભાગ લેતાં તા.૧૮ મી નવેમ્બર ના રોજ હિંદ સંરક્ષણ ધારા નીચે ગિરફતાર થયા.પહેલાં અમદાવાદની સાબરમતી જેલમાં અને પછી પુના પાસેની યેરવડા જેલમાં ખસેડાયા. |
| ૧૯૪૧ | તા. ૨૦ મી ઓગસ્ટના રોજ નાદુરસ્ત તબિયતને કારણે જેલમાંથી મુકત પછીની પહેલી જ જાહેર સભામાં અમદાવાદમાં ચાલી રહેલાં કોમી હુલ્લડોને સખત વખોડી કાઢયાં.આંતરડાંની ગંભીર બિમારી અંગે સારવાર લેવાની ફરજ પડી. |
| ૧૯૪૨ | નવી દિલ્હી ખાતેની ક્રિપ્સ મંત્રણામાં ભાગ લીધો. ભારતની રાજકીય સ્થિતિને અનુલક્ષી જો સરકાર અમુક છૂટછાટો મુકતી હોય તો બંધારણીય દરખાસ્તો સ્વીકારવા તૈયારી બતાવી.એપ્રિલ માસ દરમિયાન અલ્હાબાદ મુકામે મળેલી કોંગ્રેસ કારોબારીની બેઠકમાં ' અંગ્રેજો-હિંદ છોડો ' નો ઠરાવ પ્રથમવાર રજૂ કર્યો. જુલાઈ માસ દરમિયાન અમદાવાદમાં 'હિંદ-છોડો' ના ઠરાવને અનુમોદન મળ્યું.હિંદ સંરક્ષણ ધારા હેઠળ તા. ૯ મી ઓગસ્ટે તેમને ગિરફતાર કરવામાં આવ્યા.સરકારે કેસ ચલાવ્યા વિના જ તેમને કોંગ્રેસ કારોબારીના અન્ય સભ્યોની સાથે મહારાષ્ટ્ર અહમદનગર કિલ્લામાં કેદી તરીકે રહયા. ૧૯૪૨ થી માંડી ૧૯૪૪ સુધી અહમદનગર કિલ્લાની જેલમાં કેદી તરીકે રહયા. |
| ૧૯૪૫ | પુના પાસની યરવડા જેલમાં ખસેડવામાં આવ્યા. આંતરડાનું જુનુ દર્દ ફરીથી ઊભર્યુ.૧૫ મી જૂને જેલમાંથી મુકત કરવામાં આવ્યા.વાઈસરોય લર્ડ વેવેલ સાથે સીમલા મુકામે ભારતના ભાવિ અંગે અન્ય નેતાઓ સહિત મંત્રણાઓ કરી.કેન્દ્રીય અને પ્રાંતીય વિધાનસભાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો માટેના ચૂંટણી સંચાલનની જવાબદારી તેમને સોંપાઈ.ડિસે-મ્બરમાં કેન્દ્રીય વિધાનસભામાં સ્પીકર તરીકે કોંગ્રેસ પક્ષના શ્રી ગ.વા.માવળકંરને ચૂંટી કઢાવવામાં સફળ કામગીરીબજાવી. |
| ૧૯૪૬ | મુંબળ બ્રિટીસ સરકાર સામે બળવે ચડેલા શાહી હિન્દી નૌકાદળના ભારતીય નાવિકોને ૨૩ ફેબ્રુઆરીના રોજ 'ટૂંક સમય-માં સ્વાતંત્રય આવી રહ્યું છે ' એમ કહી સમજાવ્યા અને શાંત પાડયા.તા. ૫મી મેના રોજ કેબિનેટ મિશનના ત્રણ સભ્યો સાથે સિમલામાં ભારતના સ્વાતંત્ર્ય અંગે મંત્રણા કરી.બ્રિટીસ સરકારે ' આઝાદ હિંદ ફોજ 'ના નેતાઓ સામે શરૂ કરેલ મુકદમાને પાછો ખેંચીલેવાની સરકારને સલાહઆપી.તા. ૨જી સપ્ટેમ્બરે વાઈસરોયની કારોબારી સમિતિમાં ગૃહમંત્રી તરીકે જોડાયા.કેન્દ્રીય વિધાનસભામાં જાહેર કર્યુ કે હવે પછી ઉચ્ચ વહીવટી હોદાઓ પર માત્ર અપવાદ રૂપેજ વિદેશીઓની નિમણુંક કરવામાં આવશે.ભવિષ્યમાં અસ્તિત્વમાં આવનાર ભારત-પાકિસ્તાન વચ્ચે લોકોની ધર્માનુસાર ફેરબદલી કરવાની ઝીણાની દરખાસ્તને ફગાવી દીધી.મુસ્લિમ લીગન. પાકિસ્તાનની માગ ત્યજી દઈ,દેશની બંધારણ સભામાં ભાગ લેવા માટે વિનંતી કરી. તા. ૯મી ડિસેમ્બરે ભારતીય બંધારણ સભામાં પ્રથમવાર ભાગ લીધો. |
| ૧૯૪૭ | તા. ૪થી એપ્રિલના રોજ ગુજરાતના ખેડા જિલ્લાના આણંદ તાલુકાના નવોદિત ગામ વલ્લભ વિદ્યાનગરમાં વિઠલભાઈ પટેલ મહાવિદ્યાલયનું ઉદઘાટન કર્યુ. ગ્રામ વિસ્તારમાં વવાયેલા ઉચ્ચ શિક્ષણના બીજમાંથી ભવિષ્યમાં સરદાર પટેલ યુનિ-વર્સિટીનું વિશાળ વિધ્યાવૃક્ષ પાંગર્યુ અને તેની આસપાસ અધ્યતન નગરનું નિર્માણ થયું.તા.૧૪ મી જૂને દિલ્હીમાં મળેલ કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં પંજાબ અને બંગાળના ભાગલા કરી પાકિસ્તાનની રચના કરવાના ઠરાવને ટેકો આપ્યો. તા. ૫મી જુલાઈના રોજ સરદારશ્રીની અધ્યક્ષતામાં દેશી રાજયોની સમસ્યાના ઉકેલ અર્થે કેન્દ સરકારમાં એક નવા-'રિયા-સતી ખાતા 'ની રચના થઈ.સરદારે દેશના તમામ રાજાઓને ભારત સાથેના 'જૈસે થે' કરાર પર તેમજ જોડાણ કરાર પર |

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ**

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## *" સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી "* (ચાલુ)--૬--

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૯૪૭ | તા.૧૫ મી ઓગસ્ટ પૂર્વે સહી કરી દેશની સ્વતંત્રતા અને સુદ્રઢતા માટે કામ કરવા વિનંતી કરી.તા.૧૫ મી ઓગસ્ટે અસ્તિ –ત્વમાં આવેલ નવા સ્વતંત્ર સ્વાયત સંસ્થાન હિંદી સંઘના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બન્યા.તા.૩૦ મી સપ્ટમ્બ –રે અમૃતસરમાં ઉશ્કેરાયેલા ઝનૂની શસ્ત્રસજ્જ શીખ ટોળાં સમક્ષ લાગણી અને સમજાવટ ભર્યું પ્રવચન કરી તેમને શાંત પાડી,પાકિસ્તાન જઈ રહેલ હજારો મુસ્લિમ નિર્વાસિતોના જાનમાલની રક્ષા કરી.દેશમાં ચાલી રહેલાં કોમી હુલ્લડોને કડક હાથે દાબી દેવા માટે અનેક પગલાં ભર્યા અને લઘુમતિઓને તમામ હકકો અને અધિકારોની દેશના બંધારણમાં સ્પષ્ટ બાંહેધરી આપી.શામ, દામ, ભેદ અને કવચિત દંડનીતિનું અનુસરણ કરી દેશી રાજયોને મોટાં સંઘ રાજયોમાં સંયોજીત કરી પડોશનના પ્રાંતોમાં ભેળવી દઈ યા કેન્દ્રના સીધા શાસન તળે લઈ–નાબુદ કરી દેવાની કામગીરી મકકમતાપૂર્વક શરૂ કરી.ભૌગોલિક પરિસ્થિતિ અને લોકમતનો તિરસ્કાર કરી પાકિસ્તાન સાથે જોડાયેલા જૂનાગઢે શરૂ કરેલા ઉપદ્રવને ડામી દેવા માટે ત્યાંના નવાબ સાથે લશ્કરી પગલાં ભરવાની છુટ આપવા તથા તેથી વિરૂધ્ધ મત ધરાવતા ગ.જ.લોર્ડ માઉન્ટબેટન ની સલાહને અમાન્ય રાખવા માટે ભારત સરકારને સમજાવી લીધી અને ભારતીય સેનાએ તા.૯મી નવેમ્બરે જૂનાગઢ રાજયનો કબજો લીધો.તા.૧૩મી નવેમ્બરે સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ પાટણની મુલાકાત લીધી અને વિશ્વ–વિખ્યાત સોમનાથ મહાદેવના ભગ્નમંદિરની ભવ્ય પુનઃ પ્રતિષ્ઠા કરવાનો સંકલ્પ કર્યો. પરિણામે તા.૧૧ મી મે ૧૯૫૧ ના રોજ નવનિર્મિત સોમનાથ મંદિરની પ્રતિષ્ઠા થઈ.કાશ્મીર ભારત સાથે જોડાયું તે પછી તેના પર પાકિસ્તાનના આક્રમણનો ભય ઊભો થયો,ત્યારે જમ્મુની એક જાહેરસભામાં સ્પષ્ટ નિવેદન કર્યુ કે કાશ્મીરના સંરક્ષણ માટે ભારત સરકાર શકય તેટલું બધું જ કરી છૂટશે.પાકિસ્તાનના પરોક્ષ અને પ્રત્યક્ષ આક્રમણને મારી હઠાવવા માટે તા.૨૭મી ઓકટોબરના રોજ ભારતીય ફોજોને કાશ્મીરમાં મોકલી આપી.કાશ્મીર પરના આકંમણ અંગે સંયુકત રાષ્ટ્ર સંઘની સલામતી સમિતિમાં ફરી–યાદ નોંધાવવા બાબત વિરોધ કર્યો છતાં પંડિત નહેરૂએ નવેમ્બરમાં ત્યાં ફરીયાદ રજૂ કરી અને દેશના આંતરીક મામલાને આંતરરાષ્ટ્રીય બાબત બનાવ્યો.ડિસેમ્બર માસ દરમિયાન ઓરીસ્સા અને મધ્યપ્રાંતના સંખ્યા બંધ દેશી રાજયોને ભારતીય સંઘમાં ભેળવી દીધાં. |
| ૧૯૪૮ | દેશના વિભાજન સમયે ભારત–પાકિસ્તાન વચ્ચે નાણાંકીય બાબતો અંગે જે સમાધાન સધાયું હતું તેને અન્વયે ભારત પાકિ–સ્તાને રૂપિયા પંચાવન કરોડ આપવા સંમત થયું હતું.પાકિસ્તાનના કાશ્મીર પરના આક્રમણને અનુલક્ષી સરદારે જાહેર કર્યુ કે પાકિસ્તાને આક્રમણ કર્યુ હોવાથી ભારત સરકાર ભારત–પાકિસ્તાન વચ્ચે અગાઉ થયેલા નાણાંકીય કરારનો અમલ કરશે નહિ. આ નિવેદનની વિરૂધ્ધમાં ગાંધીજીએ ઉપવાસ શરૂ કરતાં, તા. ૧૫મી જાન્યુઆરીના રોજ ભારત સરકારે જાહેરાત કરી કે પાકિસ્તાનને આપવાની રકમ ચૂકવી દેવામાં આવશે. તા.૧૫મી ફેબ્રુઆરીના રોજ ભાવનગર મુકામે સૌરાષ્ટ્ર રાજય સંઘનું ઉદઘાટન કર્યુ અને જામ સાહેબને રાજ પ્રમુખ તરીકે સોગંદ લેવડાવ્યા.તા.૭ મી એપ્રિલના રોજ જોધપુર, જયપુર, બિકાનેર,જેસલમેર,ઉદેપુર,ભરતપુર વગેરે રાજયોના બનેલા વિશાળ રાજસ્થાન સંઘનું ઉદઘાટન કર્યુ.તા.૨૨ મી એપ્રિલના રોજ ગ્વાલીયર, ઈંદોર તેમજ મધ્ય ભારતનાં અન્ય ત્રેવીસ દેશી રાજયોના રાજાઓએ સરદારશ્રીની હાજરીમાં તેમનાં રાજયોનો એક સંઘ બનાવવાના સંધીપત્ર પર હસ્તાક્ષર કર્યા. તા.૧લી જુને કચ્છ રાજયને કેન્દ્ર સરકારના સીધા વહીવટ નીચે લઈ લેવામાં આવ્યું.તા.૧૫ મી જુલાઈના રોજ પતિયાળા મુકામે પંજાબનાં પતિયાળા વગેરે દેશી રાજયોના સંઘ ' પેપ્સુ ' નું નિર્માણ કર્યુ.સ્વતંત્ર, સાર્વભૌમ સ્થાપવાના ઈરાદાસર ભારતમાં ન જોડાયેલા તેમજ હિંસક તોફાનો અને ગુનાઈ–ત કાવત્રાં ધ્વારા દેશની સ્વતંત્રતા અને સલામતીને ભયમાં મુકી રહેલા નિઝામશાહી હૈદ્રાબાદ સામે તેમના આદેશથી તા.૧૩ મી સપ્ટેમ્બરે ' પોલીસી પગલા 'ભરવાની શરૂઆત થઈ. તા.૧૭ મી સપ્ટેમ્બના રોજ હૈદ્રાબાદ પર ભારતીય સેનાનો કબજો સ્થપાઈ ગયો.તા.૩જી નવેમ્બરે નાગપુર યુનિવર્સ્રિટીએ તા. ૨૫મી નવેમ્બરે બનારસ યુનિવર્સિટીએ અને તા.૨૭ મી નવેમ્બ –રે અલ્હાબાદ યુનિવર્સિટીઓ તેમને ' ડોકટર ઓફ લોઝ ' ની માનાહ ઉપાધિ એનાયત કરી. |

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અને કાર્યની સાલવારી " (ચાલુ)--૭--

## સરતાજ છે ગુજરાતના, સરદાર હિંદના

| સાલ | વિગત |
|---|---|
| ૧૯૪૯ | જાન્યુઆરી માસમાં વડોદરાની મુલાકાત લીધી અને ત્યાંના રાજા શ્રી પ્રતાપસિંહ ગાયકવાડને વડોદરા રાજયને પડોશના મુંબઈ રાજયમાં મેળવી દેવા માટે સંમત કર્યા. તા.૨૪ મી ફેબ્રુઆરીના રોજ હૈદરાબાદની મુલાકાત લીધી.વિમાનઘરે નિઝામે જાતે હાજર રહી તેમનું સ્વાગત કર્યુ.તા.૨૬ મી ફેબ્રુઆરીએ ઉસ્માનિયા યુનિવર્સિટીએ તેમને 'ડોકટર ઓફ લોઝ ' ની માનાર્હ પદવી એનાયત કરી.તા.૧૩મી એપ્રિલે ત્રાવણકોર અને કોચીન રાજયોનાં પ્રધાનમંડળો સાથે મંત્રણાઓ કરી અને બેઉ રાજયોનો એક સંઘ રચવા માટે તેમને સહમત કર્યા.તા.૧૫ મી મે ના રોજનવી દિલ્હીમાં રામપુરના નવાબ પાસે તેમના રાજયને પડોશના ભારતીય પ્રાંતમાં ભેળવી દેવાના કરારપત્ર પર હસ્તાક્ષર કરાવ્યા.મે માસના અંતમાં ભોપાલના નવાબ પાસે જોડાણ પત્ર પર હસ્તાક્ષર કરાવ્યા અને તા.૧લી જૂનના રોજ ભોપાલ રાજયને કેન્દ્રીય સરકારની સીધા વહીવટ નીચે મૂકી દીધું.ઓકટોબર-નવેમ્બર માસ દરમિયાન વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ અમેરિકા,કેનેડા,બ્રિટનની મુલાકાતે જતાં તા.૭મી ઓકટોબરથી માંડી તા.૧૫મી નવેમ્બર સુધી કાર્યકારી વડાપ્રધાનનું પદ સંભાળ્યું. |
| ૧૯૫૦ | તા.૨૮મી એપ્રિલે અમદાવાદમાં તેમને,તેમના ૭૬ માં જન્મ દિનના ઉપલક્ષમાં,રૂપિયા ૧૫ લાખની થેલી અર્પણ કરવામાં આવી.તેમણે તુરત જ અ થેલી ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રમુખને પક્ષ અને પ્રજાના હિત માટે ખર્ચવા સોંપી દીધી. પૂર્વ પાકિસ્તાનમાંથી બહાર ધકકેલી દેવાઈ રહેલા હિંદુઓને અનુલક્ષી પાકિસ્તાનને કડક ચેતવણી આપી કે, નિર્વાસિત વસ્તીના પુર્નવસવાટ માટે પાકિસ્તાન પાસેથી પર્યાપ્ત પ્રદેશ મેળવવા અંગે ભારત વિચારણા કરશે.<br>ત.૧૯મી મે ના રોજ ભારતના દક્ષિણ છેડે સ્થિત કન્યા કુમારીની યાત્રા કરી અને ત્યાંના વિખ્યાત મંદિરમાં પૂજા કરી.<br>તા.૨૦મી થી તા.૨૨ સપ્ટેમ્બર દરમિયાન નાસિકમાં મળેલ કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપી.<br>તા.૯મી નવેમ્બરે દિલ્હી મુકામે મહર્ષિ દયાનંદ સરસ્વતીના નિર્વાણ દિવસના ઉપલક્ષમાં મળેલ સભામાં ભાષણ કરતાં તિબેટમાંની ચીની દખલગીરી પ્રત્યે અણગમો વ્યકત કર્યો અને ભવિષ્યમાં ભારત પર ચીન આક્રમણ કરે એવી શકયતાનો નિર્દેશ કર્યો.<br>તા.૧૫મી નવેમ્બરે દિલ્હીમાં માંદા પડયા. સારવાર છતાં માંદગી વધતી ગઈ.<br>તા.૧૨મી ડિસેમ્બે વધુ સારી સારવાર તેમજ હવાફેર માટે મુંબઈ લઈ જવામાં આવ્યા.<br>તા.૧૫મી ડિસેમ્બ અને શુક્રવારના રોજ પ્રાતઃકાળે ૯-૩૭ વાગ્યે અવસાન થયું.<br>તા.૧૫મી ડિસેમ્બરે ભારતીય સંસદે તેમને અનુલક્ષી શોક પ્રસ્તાવ પસાર કર્યો.<br>તા.૧૫મી ડિસેમ્બરે સાંજે ૭-૪૦ વાગ્યે મુંબઈમાં રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદ, વડાપ્રધાન નહેરૂ અને અનેક રાજયોના ગર્વનરો,પંતપ્રધાનો,મહાનુભાવો તેમજ લાખોની જનમેદનીની ઉપસ્થિતિમાં તેમના પુત્ર ડાહયાભાઈને હસ્તે સોનાપરા સ્મશાન માં અગ્નિસંસ્કાર થયો. |

**" સતાધીશોની સતા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે,જયારે દેશ ભકતોની સતા તેમના મૃત્યુ પછી જ ખરો અમલ ચલાવે છે.પ્રજા તેમના જીવનનું અનુકરણ કરવા પ્રયત્ન કરે છે,તેમના ગુણ ગાય છે અને તેમનું સ્મરણ કરે છે ".**

**" સરદારે પોતાની હોશિયારી અને બુધ્ધિમતાથી છસો રાજયોને દેશની એકતાના તાંતણામાં સાંકળી લીધા. દુનિયા આગળ તેઓ એક દ્રષ્ટાંત મૂકતા ગયા અને હજારો વર્ષ પછી હિંદુસ્તાન આજે એક થયું છે એને નભાવવું તથા મજબૂત કરવું એ આપણું કામ છે ".**

ગોપાલભાઈ ડાયાભાઈ પટેલ — નરેશભાઈ રવજીભાઈ પટેલ

મહામંત્રી, — પ્રમુખ,

શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી.